ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

(ધોરણ-6 પ્રવેશ પરીક્ષા માટે) પર્યાવરણ પ્રશ્નબેંક

---

1. જમીન અને પાણી બંનેમાં રહે તેવું પ્રાણી કયું છે?

(A) માણસ (C) માછલી

<u>(B) દેડકો</u> (D) ખિસકોલી

2. નીચેનામાંથી કયું સાચું નથી?

(A) કરચલો-પાણી (C) ચકલી-માળો

(B) ઉંદર-દર <u>(D) વાંદરો-ગુફા</u>

3. હું દીવાલ પર જાળું બનાવું છું અને શિકાર પકડું છું.

(A) વંદો <u>(C) કરોળિયો</u>

(B) ગરોળી (D) માખી

4. કૂદકા મારીને ચાલતું પ્રાણી કયું છે?

(A) ગાય (C) ઉંદર

<u>(B) સસલું</u> (D) સાપ

5. પેટ ઘસડીને ચાલી શકે તે પ્રાણી નીચેનામાંથી કયું છે?

<u>(A) ગરોળી</u> (C) માછલી

(B) દેડકો (D) ખિસકોલી

6. દેડકા માટે નીચેનામાંથી શું સાચું નથી?

(A) પાણીમાં રહે <u>(C) દરમાં રહે</u>

(B) જમીન પર રહે (D) કૂદકા મારીને ચાલે

7. નીચેનામાંથી કયું પ્રાણી વૃક્ષ ઉપર રહે છે?

(A) હરણ (C) ઘોડો

<u>(B) વાંદરો</u> (D) સિંહ

8. પેટે સરકીને ચાલનાર પ્રાણી કયું છે?

(A) ખિસકોલી
(B) ઉંદર
(C) <u>સાપ</u>
(D) બિલાડી

9. રાત્રે ખોરાકની શોધમાં નીકળનાર પ્રાણી કયું છે?

(A) પોપટ
(B) <u>ઘુવડ</u>
(C) બકરી
(D) ભેંસ

10. આઠ પગવાળું પ્રાણી કયું છે?

(A) મધમાખી
(B) કીડી
(C) <u>કરોળિયો</u>
(D) વંદો

11. રણમાં સવારી માટે ઉપયોગી પ્રાણી કયું છે?

(A) ઘોડો
(B) બળદ
(C) <u>ઊંટ</u>
(D) હાથી

12. હું ખેડૂતનો મિત્ર છું અને પેટે સરકીને ચાલું છું.

(A) મોર
(B) <u>અળસિયું</u>
(C) કૂતરો
(D) ગરોળી

13. નીચે આપેલ કેટલાંક પ્રાણીઓ નાનાથી મોટા ક્રમમાં ગોઠવાયેલ છે. કયો વિકલ્પ સાચો છે?

(A) ઉંદર, હાથી, બિલાડી
(B) દેડકો, ગાય, શિયાળ
(C) <u>કીડી, વંદો, ગધેડું</u>
(D) ભેંસ, બકરી, મકોડો

14. નીચે આપેલાં પ્રાણીઓમાં મારી ઊંચાઈ નાની છે.

(A) હાથી
(B) ઘુડખર
(C) <u>બિલાડી</u>
(D) કૂતરો

15. નીચેનામાંથી કઈ વનસ્પતિ તમારાથી ઊંચી હશે?

(A) તુલસી
(B) <u>લીમડો</u>
(C) હજારીગલ
(D) બારમાસી

16. નીચેનામાંથી કયો છોડ છે?

(A) વડ	(C) આસોપાલવ

<u>(B) બારમાસી</u>	(D) આંબો

17. નીચેનામાંથી કયા વૃક્ષનું થડ તમારી બાથમાં સમાશે?

(A) વડ	<u>(C) સેતૂર</u>

(B) આંબો	(D) પીપળો

18. હું ફૂલવાળી વનસ્પતિ છું.

<u>(A) ગુલાબ</u>	(C) આસોપાલવ

(B) તુલસી	(D) એક પણ નહિ

19. મારાં પાંદડા લાંબા છે.

(A) તુલસી	(C) જાસૂદ

(B) ગુલાબ	<u>(D) કરેણ</u>

20. હું ખાંચાવાળી કિનારી ધરાવતું(પાન અથવા પાંદડાનું)જૂથ છું.

(A) આસોપાલવ-લીમડો	(C) <u>લીમડો-જાસૂદ</u>

(B) તુલસી-બારમાસી	(D) પીપળો-વડ

21. મારા પાંદડાની કિનારી સીધી છે.

(A) ગુલાબ	(C) પીપળો

<u>(B) કરેણ</u>	(D) જાસૂદ

22. નીચેનામાંથી કયા પર્ણને સુંગધથી ઓળખી શકાશે?

(A) મોગરો	<u>(C) મીઠો લીમડો</u>

(B) બારમાસી	(D) વડ

23. હું સફેદ રંગનું ફૂલ નથી.

<u>(A) સૂર્યમુખી</u>	(C) મોગરો

(B) ચંપો	(D) ચમેલી

24. હું લીસું થડ ધરાવતું સજીવ છું.

(A) આંબો (C) લીમડો

<u>(B) કેળ</u> (D) વડ

25. લાંબા પર્ણો ધરાવતું જૂથ કયું છે?

(A) કરેણ-ગુલાબ (C) લીમડો-તુલસી

(B) વડ-પીપળો <u>(D) આંબો-આસોપાલવ</u>

26. મારું થડ ખરબચડું છે.

<u>(A) લીમડો</u> (C) પપૈયું

(B) કેળ (D) એક પણ નહિ

27. નીચેનામાંથી કઈ વનસ્પતિની ઊંચાઈ તમારાથી ઓછી હશે?

(A) કરેણ (C) લીમડો

<u>(B) બારમાસી</u> (D) નિલગીરી

28. પાંદડાઓને કઇ રીતે ઓળખી શકાય?

(A) સ્પર્શ કરીને (C) સાંભળીને

(B) ગંધથી (D) <u>(A) અને (B) બંને</u>

29. નીચેનામાંથી કયું જોડકું સાચું છે?

(A) આંબો-ચીકું <u>(C) વડ-ટેટાં</u>

(B) લીમડો-કેરી (D) પીપળો-આમલી

30. નીચેનામાંથી કઈ વસ્તુઓ પર ફૂલ-પર્ણોની ભાત જોવા મળે છે?

(A) સાડી (C) ફ્રોક

(B) ચાદર <u>(D) તમામ</u>

31. હું ત્રણના ઝૂમખામાં જોવા મળતું પર્ણ છું.

(A) બીલી (C) બારમાસી

(B) ગુલાબ (D) લીમડો

32. બગીચામાં શું ના હોય?

(A) કચરાપેટી (C) ફૂલ

(B) કબાટ (D) લપસણી

33. મારા પાનનો ઉપયોગ તોરણ બનાવવા થાય છે.

(A) લીમડો (C) આસોપાલવ

(B) જાસૂદ (D) ગુલાબ

34. નીચેનામાંથી કઈ ક્રિયામાં પાણીની જરૂરિયાત નથી?

(A) ન્હાવામાં (C) રમવામાં

(B) કપડાં ધોવામાં (D) વૃક્ષો ઉગાડવામાં

35. નીચેનામાંથી કઈ ક્રિયામાં પાણીની જરૂર પડે?

(A) ગાવામાં (C) પીવામાં

(B) રમવામાં (D) લખવામાં

36. કઈ ક્રિયામાં સૌથી વધુ પાણી વપરાય છે?

(A) ખેતીમાં (C) પીવા માટે

(B) ન્હાવામાં (D) કપડાં ધોવા માટે

37. પાણી ક્યાંથી મળે છે?

(A) વરસાદથી (C) ભૂકંપથી

(B) વાવાઝોડાથી (D) જ્વાળામુખીથી

38. ઘરમાં પાણીના સંગ્રહ માટે કઈ વસ્તુ વાપરવામાં આવતી નથી?

(A) માટલું (C) કબાટ

(B) ટાંકી (D) ડેમ

39. નીચેનામાંથી કઈ વસ્તુ ઘરમાં પાણીના સંગ્રહ માટે વાપરવામાં આવતી નથી?

(A) ચંબુ
(C) <u>ટેન્કર</u>
(B) માટલું
(D) ડોલ

40. નીચે પૈકી કયા સાધનમાં સૌથી વધુ પાણીનો સંગ્રહ થઇ શકે છે?

(A) માટલી
(C) ગ્લાસ (પ્યાલો)
(B) જગ
(D) <u>ડોલ</u>

41. પાણીના પ્રાપ્તિસ્થાનોને ઉતરતા ક્રમમાં ગોઠવતા જૂથને પસંદ કરો.

(A) <u>દરિયો, નદી, સરોવર, તળાવ</u>
(C) સરોવર, તળાવ, નદી, દરિયો
(B) તળાવ, સરોવર, નદી, દરિયો
(D) તળાવ, સરોવર, દરિયો, નદી

42. અલગ પડતા નામને શોધો.

(A) માછલી
(C) <u>વાંદરો</u>
(B) બતક
(D) કાચબો

43. અલગ પડતો શબ્દ શોધો.

(A) મોટરગાડી
(C) બસ
(B) <u>હોડી</u>
(D) સાયકલ

44. અલગ પડતા નામને શોધો.

(A) નદી
(C) <u>પર્વત</u>
(B) તળાવ
(D) સરોવર

45. અલગ પડતા નામને શોધો.

(A) ઘડો
(C) ડોલ
(B) માટલું
(D) <u>ચમચો</u>

46. અલગ પડતા નામને શોધો.

(A) તળાવ
(C) <u>દરિયો</u>
(B) કૂવો
(D) સરોવર

47. અલગ પડતા નામને શોધો.

(A) ગ્લાસ (C) ટબ

(B) માટલું <u>(D) ઝારો</u>

48. નીચેનામાંથી કયું પાણીનું સ્વરૂપ છે?

(A) બરફ (C) <u>(A) અને (B) બંને</u>

(B) વરાળ (D) એક પણ નહિ

49. પાણી વગર રહી શકે તેને ઓળખી બતાવો.

(A) પશુ-પંખી (C) વનસ્પતિ

(B) મનુષ્ય (D) <u>પર્વત</u>

50. નીચેનામાંથી કયું પ્રાણી આપણી મરજી વગર આપણા ઘરમાં રહે છે?

(A) સાપ (C) <u>મચ્છર</u>

(B) કૂતરો (D) કબૂતર

51. ઘરની સામેની ખુલ્લી જગ્યાને શું કહેવાય?

(A) રસોડું (C) સૂવાનો ખંડ

<u>(B) આંગણું</u> (D) બેઠકખંડ

52. કયા તહેવારમાં ઘરને શણગારવામાં આવે છે?

(A) નવરાત્રી (C) હોળી

<u>(B) દિવાળી</u> (D) ઉત્તરાયણ

53. નીચેનામાંથી કયું પ્રાણી આપણી મરજીથી આપણા ઘરમાં રહે છે?

(A) ઉંદર (C) માખી

(B) મચ્છર <u>(D) પોપટ</u>

54. કયા તહેવારોમાં દીવડા પ્રગટાવવામાં આવે છે?

(A) નાતાલ <u>(C) દિવાળી</u>

(B) હોળી (D) ઉત્તરાયણ

55. નીચેનામાંથી કયું પક્ષી ઘરમાં કે ઘરના આંગણામાં જોવા મળતું નથી?

(A) કબૂતર (C) ચકલી

<u>(B) બુલબુલ</u> (D) કાગડો

56. કયું જોડકું સાચું નથી?

<u>(A) હોળી-ફટાકડા</u> (C) ઉત્તરાયણ-પતંગ

(B) નવરાત્રી-ગરબા (D) દિવાળી-દીવડા

57. ઘરનો કચરો કયાં ફેંકવો જોઇએ?

(A) રસ્તા પર <u>(C) કચરાપેટીમાં</u>

(B) ખેતરમાં (D) ઘરમાં

58. ઘરની સફાઇમાં કયું સાધન વપરાતું નથી?

(A) સાવરણી (C) ઊભું ઝાડુ

(B) પોતું <u>(D) દાતરડું</u>

59. આપણા ઘરમાં કોણ જાળું બનાવીને રહે છે?

(A) વંદો (C) મચ્છર

<u>(B) કરોળિયો</u> (D) માખી

60. ઘરમાં વપરાયેલું ગંદું પાણી કયાં કાઢવું જોઇએ?

<u>(A) ગટરમાં</u> (C) પાડોશીને ત્યાં

(B) રસ્તા પર (D) એક પણ નહિ

61. હું પાલતું પ્રાણી છું અને ઘરની ચોકી કરું છું.

(A) ઘોડો <u>(C) કૂતરો</u>

(B) ગાય (D) ભેંસ

62. મારા તહેવારમાં લોકો શેરીઓમાં તોરણ બાંધી મટકી ફોડે છે.

(A) નવરાત્રી (C) દશેરા

(B) હોળી <u>(D) જન્માષ્ટમી</u>

63. મને લોકો પાંજરામાં પૂરી રાખે છે.

(A) પોપટ (C) મોર

(B) કબૂતર (D) ચકલી

64. ઘરમાં રસોઈ બનાવવાના ભાગને શું કહે છે?

(A) બાથરૂમ (C) બેઠકખંડ

(B) આંગણું (D) રસોડું

65. ઘરમાં માળો બનાવી રહેતું પ્રાણી કયું છે?

(A) મોર (C) તેતર

(B) ચકલી (D) કાગડો

66. તમારા મામાની એકની એક બહેન તમારી શું કહેવાશે?

(A) માસી (C) કાકી

(B) મમ્મી (D) નાની

67. તમારા મામાના ઘરે નીચેનામાંથી કોણ જોવા નહી મળે?

(A) મામી (C) કાકી

(B) નાની (D) માસી

68. રસોઈ ઘરમાં કઈ વ્યક્તિની હાજરી નહીં જોવા મળે?

(A) દાદા (C) મમ્મી

(B) દાદી (D) કાકી

69. નીચેનામાંથી કયો સંબંધ સામાજિક નથી?

(A) જમાઇ-સસરા (C) પતિ-પત્ની

(B) શિક્ષક-વકીલ (D) દાદા-દાદી

70. કઈ જોડી વ્યવસાય સાથે જોડાયેલ નથી?

(A) ડૉક્ટર-દર્દી (C) ડ્રાઈવર-કંડકટર

(B) ભાઇ-બહેન (D) દુકાનદાર-ગ્રાહક

71. ઘરના કયા કામકાજમાં પુરુષ સહકાર આપી શકે?

(A) શાકભાજી લાવવી (C) ઇસ્ત્રી કરવી

(B) ઘર સુશોભન (D) આપેલ તમામ

72. લાડું શેમાંથી બનાવી શકાય છે?

(A) તુવેર (C) મકાઈ

(B) ઘઉં (D) જુવાર

73. પુલાવ શેમાંથી બનાવી શકાય છે?

(A) ઘઉં (C) બાજરો

(B) મકાઈ (D) ચોખા

74. નીચેનામાંથી કયું અનાજ નથી?

(A) બાજરો (C) ચોખા

(B) ઘઉં (D) ચણા

75. નીચેનામાંથી કયું કઠોળ નથી?

(A) ચોખા (C) ચણા

(B) મગ (D) વટાણા

76. ચોખામાંથી શું બને છે?

(A) રોટલી (C) ભાત

(B) શાક (D) સલાડ

77. ઘઉંમાંથી શું બનતું નથી?

(A) રોટલી (C) શીરો

(B) લાડવા (D) પુલાવ

78. નીચેનામાંથી કયો શબ્દ અલગ પડે છે?

(A) નારંગી (C) સફરજન

(B) કેળાં (D) બટાટા

79. ચાર મહિનાની મુન્નીને ખોરાકમાં શું આપવું હિતાવહ છે?

(A) રોટલી
(B) લાડવો
(C) <u>માતાનું દૂધ</u>
(D) મકાઈડોડો

80. નીચેનામાંથી કઈ વસ્તુ ઘઉંમાંથી બનતી નથી?

(A) પાઉં
(B) રોટલી
(C) બિસ્કિટ
(D) <u>પુલાવ</u>

81. નીચેનામાંથી કઈ વસ્તુ કાચી ખાઈ શકાય છે?

(A) ચોખા
(B) ઘઉં
(C) <u>કાકડી</u>
(D) પાપડ

82. નીચેનામાંથી કઈ વસ્તુ શેકીને ખાઈ શકાય છે?

(A) મકાઈડોડો
(B) ભાત
(C) રોટલી
(D) <u>(A) અને (C) બંને</u>

83. નીચેનામાંથી કઈ વસ્તુ આપણે ખાઈ ન શકીએ?

(A) <u>ઘાસ</u>
(B) રોટલો
(C) સરગવો
(D) આમળા

84. ઉંબાડિયું કયા જિલ્લામાં ખાવા મળે?

(A) અરવલ્લી
(B) <u>વલસાડ</u>
(C) સાબરકાંઠા
(D) ગાંધીનગર

85. જે લોકો બોલી કે સાંભળી શકતા નથી તેવા લોકોને શું કહેવાય?

(A) અપંગ
(B) <u>મૂકબધિર</u>
(C) પ્રજ્ઞાચક્ષુ
(D) મંદબુદ્ધિ

86. જે લોકો આંખે દેખી શકતા નથી તેવા લોકોને શું કહેવાય?

(A) મૂકબધિર
(B) અપંગ
(C) <u>પ્રજ્ઞાચક્ષુ</u>
(D) મંદબુદ્ધિ

87. શરીરના કયા ભાગ દ્વારા જાણી શકાય કે વ્યક્તિ પ્રસન્ન છે કે ઉદાસ?

(A) નાક (C) કાન

(B) હાથ <u>(D) ચહેરો</u>

88. મેઘાનો સાંસ્કૃતિક કાર્યક્રમમાં પહેલો નંબર આવ્યો હોય તો તેના ચહેરા ઉપર કયો હાવભાવ જોવા મળશે?

(A) દુઃખ (C) ઈર્ષા

<u>(B) આનંદ</u> (D) ગુસ્સો

89. નેહાએ મીનાની નોટબુક ફાડી તો મીનાના ચહેરા પર કયો હાવભાવ જોવા મળશે?

(A) ઈર્ષા (C) દુઃખ

(B) આનંદ <u>(D) ગુસ્સો</u>

90. ઇશારો અને ચહેરાના હાવભાવનો મોટા ભાગે ક્યારે ઉપયોગ કરવામાં આવે છે?

(A) ભણવામાં (C) લખવામાં

(B) દોડવામાં (D) <u>વાતચીતમાં</u>

91. મયુર સ્પર્શથી કે અવાજથી વસ્તુ કે વ્યક્તિને ઓળખી શકે છે તો તેનામાં કઈ વિકલાંગતા હોઈ શકે?

<u>(A) પ્રજ્ઞાચક્ષુ</u> (C) મંદબુદ્ધિ

(B) મૂકબધિર (D) અપંગ

92. સુનિલ વ્હીલચેરમાં બેસીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકે છે તો તેનામાં કઈ વિકલાંગતા હોઇ શકે?

(A) મંદબુદ્ધિ <u>(C) અપંગ</u>

(B) પ્રજ્ઞાચક્ષુ (D) મુકબધિર

93. ધોરણ 6 માં ભણતી દીપા પરીક્ષાનું પરિણામ જાણ્યા પછી તેનો ચહેરો ખૂબ ઉદાસ અને દુઃખી જોવા મળે છે. કારણ કે ...

(A) પરીક્ષામાં ખૂબ સારા ગુણ આવ્યા. (C) દીપાનો મિત્ર પરીક્ષામાં નાપાસ થયો.

(B) પરીક્ષામાં ધાર્યા કરતાં ઓછા ગુણ આવ્યા. <u>(D) દીપા પરીક્ષામાં નાપાસ થઈ છે.</u>

94. ખેતરમાં ફરવા ગયેલા જયેશની સામે સાપ આવી જતાં તેના ચહેરા પર કેવા હાવભાવ જોવા મળશે?

(A) ડર (C) ગુસ્સો

(B) આનંદ (D) દયા

95. 'મૂકબધિર' વ્યક્તિઓ માટે કયું વિધાન સાચું નથી?

(A) તે સાંભળી શકે છે પણ બોલી શકતો નથી. (C) તે જોઈ કે બોલી શકતો નથી.

(B) તે જોઇ શકે છે પણ સાંભળી શકતો નથી. (D) તે બોલી કે સાંભળી શકતો નથી.

96. ટપુનું મનપસંદ રમકડું તૂટી ગયું તો તેના ચહેરાનો હાવભાવ કેવો હશે?

(A) ઉદાસ (C) દયા

(B) આનંદ (D) ડર

97. પક્ષીનો કયો ભાગ તેના શરીરને હુંફાળું રાખવામાં અને ઉડવામાં મદદ કરે છે?

(A) પૂંછડી (C) પીંછાં

(B) પગ (D) પાંખો

98. કયા પક્ષીને સફાઇ કામદાર તરીકે ઓળખવામાં આવે છે?

(A) બાજ (C) ગીધ

(B) પોપટ (D) મોર

99. કયું પક્ષી પાંદડાઓને સીવીને પોતાનું ઘર બનાવે છે?

(A) સુગરી (C) બુલબુલ

(B) ટીટોડી (D) દરજીડો

100. કયું પક્ષી માણસના અવાજની નકલ કરે છે?

(A) પોપટ (C) કાગડો

(B) બગલો (D) હોલો

101. કયા પક્ષીનો માળો લટકતી ફાનસ જેવો હોય છે?

(A) દરજીડો (C) સુગરી

(B) કોયલ (D) બુલબુલ

102. કયું પક્ષી પોતાની ડોકને આગળ-પાછળ આંચકાથી હલાવે છે?

(A) ચકલી (C) કાગડો

<u>(B) કૂકડો</u> (D) ઘુવડ

103. ઝાડના થડને ખોતરવાનું કામ કયું પક્ષી કરે છે?

(A) બુલબુલ (C) દરજીડો

(B) પોપટ <u>(D) લક્કડખોદ</u>

104. કયા પક્ષીનો અવાજ આપણને સાંભળવો ગમે છે?

(A) કાગડો <u>(C) કોયલ</u>

(B) ટિટોડી (D) કાબર

105. નીચેનામાંથી કયા જૂથના પક્ષીઓનો રંગ કાળો હોય છે?

(A) કાગડો, બગલો, બુલબુલ (C) કાળોકોસી, સમડી, પોપટ

<u>(B) કાગડો, કોયલ, કાળોકોસી</u> (D) કોયલ, ગીધ, મોર

106. નીચેનામાંથી કયા પક્ષીને શિકારી પક્ષી તરીકે ઓળખવામાં આવે છે?

<u>(A) બાજ</u> (C) કબૂતર

(B) મોર (D) હોલો

107. મને ઓળખો. મારે લાંબા સુંદર પીંછાં છે ને માથે સુંદર કલગી છે?

(A) કૂકડો <u>(C) મોર</u>

(B) બુલબુલ (D) ઢેલ

108. સીતારામ-સીતારામ બોલું છું ને જામફળ-મરચું ખાઉં છું. બોલો હું કોણ છું?

<u>(A) પોપટ</u> (C) કોયલ

(B) કાગડો (D) હોલો

109. હું તળાવમાંથી માછલાં પકડીને ખાઉં છું.

(A) ચકલી (C) હોલો

<u>(B) બગલો</u> (D) કબૂતર

110. નીચેનામાંથી કયા-કયા પક્ષીઓની ચાંચ વાંકી હોય છે?

(A) બગલો-કાગડો
(B) કાબર-ચકલી
(C) પોપટ-બાજ
(D) મોર-કોયલ

111. કયા પક્ષીની ચાંચ લાંબી હોય છે?

(A) બાજ
(B) ગીધ
(C) ઘુવડ
(D) બગલો

112. નીચેનામાંથી કયા પક્ષીઓનું જૂથ નદી કે તળાવના કિનારે વધારે જોવા મળે છે?

(A) કાબર, કાગડો, કબૂતર, ચકલી
(B) મોર, કાળોકોસી, બુલબુલ, પોપટ
(C) બગલો, બતક, ટીટોડી, હંસ
(D) હોલો, તેતર, કૂકડો, દરજીડો

113. નીચેનામાંથી કયા પક્ષીઓ આપણાં ઘર-આંગણાંના પક્ષીઓ છે?

(A) ગીધ, બાજ, ઘુવડ, ચીબરી
(B) કબૂતર, ચકલી, કાગડો, કાબર
(C) હંસ, બગલો, બતક, ટીટોડી
(D) દરજીડો, બુલબુલ, સુગરી, લક્કડખોદ

114. કયું પક્ષી વધારે સમય ઉડી શકતું નથી?

(A) મોર
(B) ગીધ
(C) સમડી
(D) બાજ

115. કયા પક્ષીની આંખો માણસની જેમ ચહેરાની આગળ હોય છે?

(A) કબૂતર
(B) પોપટ
(C) મોર
(D) ઘુવડ

116. કયા પક્ષીના શરીર ઉપર લીલો, લાલ અને કાળો રંગ જોવા મળે છે?

(A) બુલબુલ
(B) લક્કડખોદ
(C) પોપટ
(D) મોર

117. કઈ ઋતુમાં સમગ્ર ધરતી લીલોતરીથી છવાઈ જાય છે?

(A) વર્ષાઋતુ
(B) ગ્રીષ્મઋતુ
(C) વસંતઋતુ
(D) શરદઋતુ

118. મેઘધનુષ્ય કયા રંગોનો સમૂહ છે?

(A) તતભાનસલગા

(B) લાલબાલપાલ

<u>(C) જાનીવાલીપીનારા</u>

(D) કવિસવિબેઉવખેમજો

119. કયું પ્રાણી વરસાદ આવવાથી રાજી રાજી થઇ જશે?

(A) ગાય

<u>(B) દેડકો</u>

(C) બકરી

(D) ઊંટ

120. કોણ વરસાદ લાવવામાં મદદરૂપ થશે?

(A) દરિયો

(B) સૂર્ય

(C) જંગલ

<u>(D) આપેલાં તમામ</u>

121. જો વરસાદ ન પડે તો કઈ સમસ્યા પેદા થાય?

(A) પૂર આવવું

<u>(B) દુષ્કાળ પડવો</u>

(C) લીલોકાળ પડવો

(D) આભ ફાટવું

122. 'રેઇન કોટ' કઇ ઋતુ સાથે સંકળાયેલ પોશાક છે?

(A) વસંત

(B) ગ્રીષ્મ

<u>(C) વર્ષા</u>

(D) શરદ

123. વરસાદી પાણીનો સંગ્રહ કઈ રીતે થઇ શકશે?

(A) ભૂગર્ભ ટાંકી

(B) ખેત તલાવડી

(C) ચેકડેમ

<u>(D) ઉપરોક્ત તમામ</u>

124. વાસણ બનાવવા માટે સામાન્ય રીતે નીચેનામાંથી શાનો ઉપયોગ થતો નથી?

(A) એલ્યુમિનિયમ

(B) તાંબુ

(C) કાંસું

<u>(D) સોનું</u>

125. રોટલી બનાવવા કઈ વસ્તુઓનું જૂથ જરૂરી છે?

(A) લોટ-ખાંડ-પાણી

<u>(B) લોટ-મીઠું-પાણી</u>

(C) પાણી-તેલ-મરચું

(D) લોટ-આદુ-તેલ

126. નીચેનામાંથી કઈ વાનગીજૂથને તમે પી શકશો?

(A) ફ્રુટસલાડ, શીરો, કઢી
(B) દાળ-ભાત-શાક
(C) <u>કઢી-દાળ-દૂધપાક</u>
(D) કઢી-ખીચડી-દાળ

127. નીચેનામાંથી કયું વાસણ પહેલાંના સમયમાં વપરાતું નહતું?

(A) કાંસું
(B) <u>નોનસ્ટીક</u>
(C) માટી
(D) તાંબુ

128. કાચી અને રાંધીને ખાઈ શકાય તેવી વસ્તુઓનું જૂથ કયું છે?

(A) કાકડી-રીંગણ
(B) ટામેટાં-રીંગણ
(C) બીટ-બટાટાં
(D) <u>કોબીજ-ડુંગળી</u>

129. મને કાચું ખાઈ શકાશે નહિ. - હું કોણ?

(A) <u>કારેલું</u>
(B) કેળું
(C) ટામેટું
(D) વરિયાળી

130. અમારા જૂથને શેકીને ખાઈ શકાશે.

(A) રોટલો-રોટલી
(B) ભાખરી-પાપડ
(C) <u>(A) અને (B) બંને</u>
(D) એક પણ નહિ

131. થેપલાં (ઢેબરાં) નીચેનાંથી કઇ રીતે બનાવી શકાય?

(A) બાફીને
(B) ભૂંજીને
(C) શેકીને
(D) <u>સાંતળીને</u>

132. સાંતળીને બનતી વાનગી કઈ છે?

(A) ઢોંસા
(B) થેપલાં
(C) પરોઠા
(D) <u>તમામ</u>

133. બાફીને બનતું વાનગીજૂથ કયું છે?

(A) ખીચડી-રોટલી
(B) <u>ખમણ-ઢોકળાં</u>
(C) ભાત-પાપડ
(D) ઈડલી-રોટલો

134. પૂરી બનાવવા કઈ રીતનો ઉપયોગ થશે?

(A) શેકવું | <u>(C) તળવું</u>

(B) બાફવું | (D) ભૂંજવું

135. નીચેનામાંથી કયા વાસણો માટીના છે?

(A) માટલું | (C) તવી

(B) ગ્લાસ | <u>(D) આપેલાં તમામ</u>

136. નીચેનામાંથી સાચું શું છે?

<u>(A) માટીના વાસણમાં બનેલી વાનગી સ્વાદિષ્ટ હોય છે.</u>

(B) એલ્યુમિનિયમના વાસણમાં રાંધવાથી આરોગ્ય બગડતું નથી.

(C) પાપડને માત્ર શેકીને જ ખવાય છે.

(D) રસોઈ બનાવવા માટે વીજળીનો ઉપયોગ થતો નથી.

137. રસોઈ બનાવવા કયા ઇંધણનો ઉપયોગ નહિ કરો.

<u>(A) સીએનજી</u> | (C) લાકડું

(B) કેરોસીન | (D) કોલસો

138. જોયલને સૂર્યઊર્જાથી પકવેલી વાનગી ખાવી છે તો તેની મમ્મી શાનો ઉપયોગ કરશે?

(A) સોલાર હીટર | (C) સગડી

<u>(B) સૂર્યકૂકર</u> | (D) ગેસ

139. ચૂલામાં ઇંધણ તરીકે શાનો ઉપયોગ થાય છે?

(A) છાણાં | <u>(C) (A) અને (B)</u>

(B) લાકડાં | (D) એકપણ નહિ

140. ખુશને રાંધ્યા વિનાની વસ્તુ ખાવી છે. નીચેનામાંથી શું નહિ હોય?

(A) કેરીનો રસ | (C) ફળો

(B) ફણગાવેલા મગ | <u>(D) દાબેલી</u>

141. રેલગાડી શેના પર ચાલી શકે?

(A) પાણીમાં
(B) આકાશમાં
(C) રસ્તા પર
<u>(D) પાટા પર</u>

142. નીચેનામાંથી કયું વાહન રસ્તા પર ચાલતું નથી?

(A) બસ
<u>(B) વિમાન</u>
(C) મોટર
(D) રીક્ષા

143. નીચેનામાંથી કયું વાહન આકાશમાં ઊડે છે?

<u>(A) વિમાન</u>
(B) રેલ
(C) બસ
(D) સ્કુટર

144. વિદેશ જવા માટે કયા વાહનનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) સાયકલ
(B) સ્કુટર
<u>(C) વિમાન</u>
(D) મોટરકાર

145. પર્વતીય વિસ્તારોમાં વાહન તરીકે કોનો ઉપયોગ થાય છે?

(A) ઊંટ
<u>(B) ખચ્ચર</u>
(C) ગધેડા
(D) ઘોડો

146. રણ વિસ્તારોમાં વાહન તરીકે કોનો ઉપયોગ થાય છે?

(A) બળદ
<u>(B) ઊંટ</u>
(C) ઘોડો
(D) હાથી

147. નીચેના પૈકી કયું વાહન ચાર પૈંડાવાળું છે?

<u>(A) મોટરકાર</u>
(B) સાયકલ
(C) રીક્ષા
(D) ગાડું

148. નીચેનામાંથી કયાં વાહનનો ઉપયોગ ભાર ઉપાડવા થાય છે?

(A) રીક્ષા
(B) સાયકલ
<u>(C) લારી</u>
(D) મોટર

149. કયું વાહન આગથી બચાવવામાં ઉપયોગી થાય છે?

(A) એમ્બ્યુલન્સ
(B) <u>લાયબંબો</u>
(C) રીક્ષા
(D) જીપ

150. રેલગાડીનો ઉપયોગ નીચે પૈકી કયાં થતો નથી?

(A) મુસાફરીમાં
(B) માલસામાનની હેરફેરમાં
(C) બચાવકાર્ય - રાહતકાર્ય
(D) <u>યુદ્ધ કરવામાં</u>

151. ભરતભાઇ નવું ઘર બનાવવા ઇચ્છે છે તો તેઓ કયા કારીગર પાસે જશે?

(A) દરજી
(B) કુંભાર
(C) <u>કડિયો</u>
(D) મોચી

152. સુથારનું સાધન કયું છે?

(A) લેલું
(B) <u>કરવત</u>
(C) ચાકડો
(D) હળ

153. પોસ્ટઓફિસમાં નીચેનામાંથી કયા વ્યવસાયકાર જોવા મળે છે?

(A) ડૉક્ટર
(B) શિક્ષક
(C) પોલીસ
(D) <u>ટપાલી</u>

154. નીચેનામાંથી જાહેર મિલકત કઈ છે?

(A) <u>શાળા</u>
(B) દુકાન
(C) ઘર
(D) મોટરકારનો શો-રૂમ

155. પ્રિતને ભોપાલમાં રહેતા તેના પિતાને મનીઓર્ડરથી પૈસા મોકલવા છે. તો પ્રિત કયા જશે?

(A) બેંક
(B) <u>પોસ્ટઓફિસ</u>
(C) હોસ્પિટલ
(D) શાળા

156. નીચેનામાંથી કયા કામ માટે તમે બેન્કમાં જતા નથી?

(A) પૈસાની બચત કરવા માટે
(B) મોટરકાર ખરીદવા માટે લોન લેવા
(C) <u>પાણી વેરો ભરવા માટે</u>
(D) આપણે જમા કરેલ પૈસા ઉપાડવા

157. દરજીનું સાધન કયું નથી?

(A) સિલાઇ મશીન
(C) માપપટ્ટી
(B) સોય-દોરો
<u>(D) કાંસકો</u>

158. મયંકના ઘરે ફ્રિજ બગડયું છે, તે રીપેર કરવા કોને બોલાવશે?

<u>(A) ઇલેક્ટ્રિશિયન</u>
(C) મિકેનિક
(B) લુહાર
(D) સોની

159. દીપનું ચંપલ તૂટી ગયું છે તો કોની પાસે સંધાવશે?

(A) કડિયો
(C) દરજી
(B) વાણંદ
<u>(D) મોચી</u>

160. ધારાનું ફ્રોક ફાટી ગયું છે તો તે કોની પાસે સંધાવશે?

(A) મોચી
(C) સુથાર
<u>(B) દરજી</u>
(D) મિકેનિક

161. ચિરાગભાઇની ગાડી બગડી ગયેલ છે તો ગાડી રીપેર કરવા કોની મદદ લેશે?

<u>(A) મિકેનિક</u>
(C) લુહાર
(B) ઈલેક્ટ્રિશિયન
(D) પ્લમ્બર

162. માધવના ઘરે પંખો બંધ થઈ ગયો છે તો માધવ કોને બોલાવશે?

(A) મિકેનિક
(C) સફાઇકામદાર
(B) પ્લમ્બર
<u>(D) ઈલેક્ટ્રિશિયન</u>

163. લાકડીનો ઉપયોગ નીચેનામાંથી કોણ-કોણ કરશે?

(A) અંધ વ્યક્તિ
(C) અપંગ વ્યક્તિ
(B) ઘરડાં દાદા-દાદી
<u>(D) આપેલા તમામ</u>

164. બ્રેઈલ લિપિનો ઉપયોગ કોણ કરશે?

<u>(A) અંધમાણસ</u>
(C) મૂંગો માણસ
(B) અપંગ
(D) શ્રવણ મંદ

165. સુગંધ દ્વારા નીચેનામાંથી કઈ વસ્તુ ઓળખી શકાશે?

(A) પાણી (C) લખોટી

(B) અગરબત્તી (D) ચશ્મા

166. કઈ વસ્તુ અંધ વ્યક્તિને ઉપયોગી નહીં થાય?

(A) કાંસકો (C) રેડિયો

(B) દર્પણ (D) લાકડી

167. અંધવ્યક્તિ પોતાની કઈ ઈન્દ્રિયોનો ઉપયોગ નહીં કરી શકે?

(A) કાન (C) આંખ

(B) નાક (D) જીભ

168. વિકલાંગ વ્યક્તિઓ સાથે કેવો વ્યવહાર રાખવો જોઇએ?

(A) પ્રેમપૂર્વક (C) આદરપૂર્વક

(B) લાગણીસભર (D) ઉપરોક્ત ત્રણેય

169. આપણા સ્વાસ્થ્ય માટે નીચેનામાંથી કયો ખોરાક યોગ્ય છે?

(A) પિત્ઝા (C) તુવેરટોઠા

(B) પાણીપૂરી (D) વેફર્સ

170. નીચેનામાંથી મસાલા તરીકે શાનો ઉપયોગ થાય છે?

(A) ડુંગળી (C) કોબીજ

(B) બટાટા (D) હળદર

171. નીચેનામાંથી કયો ખોરાક વનસ્પતિમાંથી મળતો નથી?

(A) કેરી (C) ટામેટાં

(B) મધ (D) પાલક

172. આપણે ખાંડ શામાંથી મેળવીએ છીએ?

(A) શેરડી (C) ગોળ

(B) મકાઈ (D) મગ

173. નીચેના શબ્દોમાંથી જુદો પડતો શબ્દ જણાવો.

(A) લીંબુ (C) <u>લસણ</u>

(B) નારંગી (D) કેરી

174. નીચેનામાંથી કયો ખોરાક પ્રાણીઓમાંથી મળતો નથી?

(A) મધ (C) માંસ

(B) ઈંડા (D) <u>કેળાં</u>

175. નીચેનામાંથી મસાલામાં ન આવતું નામ જણાવો.

(A) હળદર (C) <u>કોબીજ</u>

(B) અજમો (D) મરચું પાઉડર

176. નીચેનામાંથી કઠોળ ન હોય તેવું નામ જણાવો.

(A) વટાણા (C) વાલ

(B) મગ (D) <u>દૂધી</u>

177. નીચેનામાંથી કયું જૂથ કઠોળ નથી?

(A) મગ-ચણા (C) ચોળી-મગ

(B) વટાણા-વાલ (D) <u>કોબીજ-દૂધી</u>

178. નીચેનામાંથી કયું જૂથ શાકભાજી નથી?

(A) દૂધી-રીંગણ (C) કોબીજ-ભીંડો

(B) ટામેટાં-બટાટા (D) <u>મગ-ચણા</u>

179. નીચેનામાંથી કયો ખોરાક પ્રાણીઓમાંથી મળતો નથી?

(A) <u>રીંગણી</u> (C) દૂધ

(B) મધ (D) માંસ

180. માટીનો ઘડો બનાવવા નીચેનાં પૈકી કોની જરૂર નથી?

(A) કુંભાર (C) ચાકડો

(B) <u>ધાતુ</u> (D) માટી

181. નીચેના પૈકી કયું વાસણ માટીમાંથી બની શકે નહીં?

(A) ઘડો
(B) કલેડું
(C) ચમચી
(D) વાટકી

182. કુંભાર માટે શું સાચું નથી?

(A) તૈયાર કરેલા વાસણને ભઠ્ઠામાં પકવે છે.
(B) ગુંદેલી માટીને ચાકડા પર ચડાવે છે.
(C) માટીમાં પાણી ઉમેરી ગુંદે છે.
(D) માટીમાં રેતી ઉમેરે છે.

183. કુંભાર શાના પર માટીનાં વાસણો બનાવે છે?

(A) ચાકડો
(B) પાટલો
(C) ઘોડો
(D) ટોપલા

184. કુંભારને માટીનાં વાસણ બનાવવા કયા શેની શેની જરૂર પડે છે?

(A) માટી
(B) ચાકડો
(C) પાણી
(D) આપેલા તમામ

185. કડિયો-લેલું, સુથાર-રંધો, લુહાર-એરણ, કુંભાર-

(A) કરવત
(B) ચાકડો
(C) સંચો
(D) કુહાડી

186. માટીના ઘડામાં આખી રાત પાણી ભરી રાખો તો શું થાય?

(A) પાણી ઠંડું થાય.
(B) પાણી ગરમ થાય
(C) પાણીનું બરફમાં રૂપાંતર થાય.
(D) ત્રણેયમાંથી એકેય નહી

187. પહેલાંના સમયમાં લોકો કેવા વાસણોનો ઉપયોગ કરતાં હતાં?

(A) લોખંડનાં
(B) ચાંદીના
(C) માટીનાં
(D) પ્લાસ્ટિકનાં

188. ઘડો બનાવવા નીચેના પૈકી કઈ વસ્તુની જરૂર પડશે?

(A) રેતી
(B) કપચી
(C) વેકરી
(D) માટી

189. માટીમાંથી નીચેના પૈકી શું બને છે?

(A) ઈંટ
(C) ટેબલ
(B) કબાટ
(D) ખુરશી

190. જો તમે ઝુંપડામાં રહેતા હોય તો તમારું ઘર શેનું બનેલું હશે?

(A) ઈંટો અને સિમેન્ટમાંથી
(C) ઘાસ-માટીમાંથી
(B) બરફમાંથી
(D) કાપડમાંથી

191. જો તમે વધુ બરફવાળા વિસ્તારમાં રહેતા હોવ તો તમારાં ઘરને શું કહેવાય?

(A) ઈગ્લું
(C) તંબુ
(B) ઝુંપડું
(D) ભૂંગો

192. જો તમે રણપ્રદેશમાં રહેતા હોવ તો  તમારા ઘરને શું કહેવાય?

(A) બહુમાળી મકાન
(C) હાઉસબોટ
(B) ભૂંગો
(D) તંબુ

193. તમે બહુમાળી મકાનના બારમા માળે રહો છો તો ઘરે જવા માટે શેનો ઉપયોગ કરશો?

(A) દોરડાંનો
(C) સીડી
(B) રોપ-વેનો
(D) લીફ્ટનો

194. કયાં પ્રદેશમાં ઘર મજબૂત વાંસના થાંભલા પર બાંધવામાં આવે છે?

(A) આસામ
(C) રાજસ્થાન
(B) કેરાલા
(D) શ્રીનગર

195. પર્વતોવાળા પ્રદેશમાં મોટાભાગે ઘરો શાનાં બનેલાં હોય છે?

(A) ઘાસ-માટીનાં
(C) કાપડનાં
(B) પથ્થર અને લાકડાંના
(D) સિમેન્ટ કોંક્રીટનાં

196. અમદાવાદ, સુરત ને વડોદરા જેવાં મોટાં શહેરોમાં મોટાભાગે કેવાં ઘરો જોવા મળે છે?

(A) છૂટાંછવાયાં એક માળનાં ઘર
(C) બહુમાળી ઘર
(B) ઘાસ-માટીનાં ઘર
(D) પથ્થર અને લાકડાનાં ઘર

197. શ્રીનગરનાં દાલ સરોવરમાં રહેવા માટે બનાવેલા ઘરને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) ભૂંગા તરીકે
(B) હાઉસબોટ તરીકે
(C) બહુમાળી મકાન તરીકે
(D) તરતા તંબુ તરીકે

198. નીચેનામાંથી ઘર બનાવવાના સામાનની કઈ જોડ સાચી નથી?

(A) બહુમાળી મકાન - સિમેન્ટ
(B) તંબુ - કાપડ
(C) ઝૂંપડી - ઘાસ
(D) ભૂંગો - ઈંટો

199. બહુમાળી મકાન બનાવવા માટે નીચેનામાંથી કઈ સામગ્રી વધુ વપરાય છે?

(A) લાકડું, રેત, કાપડ
(B) ઘાસ, વાંસ, લોખંડ
(C) સિમેન્ટ, ઈંટ, લોખંડ
(D) માટી, ઘાસ, છાણ

200. નીચેનામાંથી  શું સાચું નથી?

(A) રાજસ્થાન-ભૂંગો
(B) બરફીલો પ્રદેશ-ઈગ્લું
(C) રાજકોટ-બહુમાળી મકાન
(D) રણપ્રદેશ-હાઉસબોટ

201. પર્વતીય પ્રદેશમાં તાત્કાલીક રહેવા માટે કયાં પ્રકારના ઘર બનાવવામાં આવે છે?

(A) ઝૂંપડી
(B) ભૂંગો
(C) ઈગ્લું
(D) તંબું

202. માટી અને જાડી દિવાલવાળા ઘર કયા રાજ્યમાં વધારે જોવા મળે છે?

(A) રાજસ્થાન
(B) કાશ્મીર
(C) ગુજરાત
(D) કેરાલા

203. વધુ વરસાદ પડતો હોય તેવા વિસ્તારોમાં કેવી રીતે ઘર બનાવવામાં આવે છે?

(A) મજબૂત વાંસના થાંભલાઓ ઉપર
(B) સિમેન્ટ, લોખંડ અને રેતથી
(C) ઘાસ, પથ્થર અને લાકડીથી
(D) ઘાસ, માટી અને છાણથી

204. કાશ્મીરના લોકોનું ખાસ પીણું કયું છે?

(A) ચા
(B) શરબત
(C) કૉફી
(D) કાહવા

205. ઘર જેવી હોડીને શું કહેવાય?

(A) ભૂંગો
(B) ઝૂંપડી
(C) શિકારા
(D) તંબું

206. ઈગ્લું શેનાથી બનાવવામાં આવે છે?

(A) છાણ માટીમાંથી
(B) બરફમાંથી
(C) સિમેન્ટ-કોંક્રીટમાંથી
(D) પથ્થરથી

207. શ્રીનગરમાં કયું સરોવર આવેલું છે?

(A) દાલસરોવર
(B) સરદાર સરોવર
(C) ઢેબર સરોવર
(D) નળ સરોવર

208. જો તમે મનાલીમાં રહેવા જાઓ તો તમે તમારું ઘર બનાવવા શેનો ઉપયોગ કરશો?

(A) સિમેન્ટ-કોંક્રીટનો
(B) પથ્થર-લાકડું
(C) છાણ-માટી
(D) ઘાસ-લાકડું

209. તંબુ બનાવવા માટે કઈ-કઈ સામગ્રીની જરૂર પડશે?

(A) ઈંટ, કપડું, સિમેન્ટ, લોખંડ
(B) લાકડું, પથ્થર, માટી છાણ
(C) કપડું, દોરી, લાકડી, ખીલા
(D) ઘાસ, વાંસ, માટી, લાકડું

210. પત્ર લખ્યા પછી પત્રને સરનામે પહોંચડવા તેને શેમાં નાખવામાં આવે છે?

(A) કચરાપેટીમાં
(B) ટપાલપેટીમાં
(C) દફતરપેટીમાં
(D) કબાટપેટીમાં

211. ટપાલપેટીમાંથી ટપાલને કાઢી કયાં લઈ જવામાં આવે છે?

(A) પોસ્ટઓફિસ
(B) બેંક
(C) આચાર્ય ઓફિસ
(D) કલેકટર ઓફિસ

212. ટપાલનું વર્ગીકરણ શેના આધારે કરવામાં આવે છે?

(A) કવરના રંગ પ્રમાણે
(B) સરનામા પ્રમાણે
(C) વજન પ્રમાણે
(D) આકાર પ્રમાણે

213. ટપાલના સરનામાના મથાળે શું લખવામાં આવે છે?

(A) મેળવનારનું નામ
(B) મોકલનારનું નામ
(C) મેળવનારનો મોબાઇલ નંબર
(D) મોકલનારનો મોબાઇલ નંબર

214. ટપાલની ટિકીટ પર સિક્કો કોણ મારે છે?

(A) પત્ર મોકલનાર
(B) પોસ્ટઓફિસ કર્મચારી
(C) પત્ર મેળવનાર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

215. નીચેનામાંથી કઈ વસ્તુ પોસ્ટઓફિસમાંથી મળી રહે છે?

(A) નોટબુક
(B) પોસ્ટકાર્ડ
(C) ચેકબુક
(D) પુસ્તક

216. પોસ્ટઓફિસ દ્વારા પત્ર ક્યાં પહોંચાડવામાં આવે છે?

(A) રાજ્યમાં ગમે ત્યાં
(B) જિલ્લામાં ગમે ત્યાં
(C) અન્ય ગામમાં
(D) ઉપરોક્ત તમામ

217. પોસ્ટઓફિસમાંથી કઈ સેવા મળે છે?

(A) મનીઓર્ડર કરી શકાય
(B) જીવન જરૂરી વસ્તુ મેળવી શકાય
(C) પુસ્તક ખરીદી શકાય
(D) દવા મેળવી શકાય

218. પોસ્ટઓફિસમાંથી ન મળતી સેવા ઓળખો.

(A) સોનું ખરીદી શકાય.
(B) મનીઓર્ડર કરી શકાય
(C) ટિકીટ ખરીદી શકાય
(D) મોબાઇલ રીચાર્જ કરી શકાય

219. મોબાઇલ દ્વારા શું ના કરી શકાય?

(A) સંદેશા મોકલી શકાય
(B) નાણાં મોકલી શકાય
(C) ચિત્રો વિડીયો મોકલી શકાય
(D) ટિફિન મોકલી શકાય

220. ટપાલ, ઈ-મેઈલ, રજીસ્ટર્ડ એ.ડી. ત્રણ પૈકી શેનાં દ્વારા સૌથી ઝડપી સંદેશો મોકલી શકાય છે?

(A) ટપાલ
(B) ઇ-મેઈલ
(C) રજીસ્ટર્ડ એ.ડી.
(D) ઉપરોક્ત તમામ

221. નીચેનામાંથી ઘરમાં કઈ રમત નહિ રમી શકાય?

(A) ચેસ
(B) સાતોડિયું
(C) કેરમ
(D) સાપસીડી

222. શિવાંશ આજે બધી જ રમતો દડાથી રમવાઈચ્છે છે તો તે રમતો કઈ હશે?

(A) ક્રિકેટ-વૉલીબોલ
(B) ફૂટબોલ-હૉકી
(C) (A) અને (B) બંને
(D) એક પણ નહિ

223. અલગ પડતું રમતનું જૂથ કયું છે?

(A) ચેસ-કેરમ
(B) કબડ્ડી-ખોખો
(C) ફૂટબોલ-વૉલીબોલ
(D) હોકી-લંગડી

224. નીચેનામાંથી કઈ રમત રમવા માટે સાધનની જરૂર નહિ પડે?

(A) કેરમ
(B) સાતોડિયું
(C) હોકી
(D) લંગડી

225. સામૂહિક રમતોની જોડી કઈ નથી?

(A) ક્રિકેટ-હૉકી
(B) લંગડી-ખોખો
(C) કબડ્ડી-કેરમ
(D) ફૂટબોલ-બાસ્કેટ બોલ

226. પાસાથી રમી શકાય તેવી રમત કઈ છે?

(A) ચેસ
(B) સાપસીડી
(C) કેરમ
(D) લખોટીની રમત

227. ફક્ત બે જ ખેલાડી રમી શકે એવી રમત કઇ છે?

(A) કેરમ
(B) લંગડી
(C) ચેસ
(D) ફૂટબોલ

228. રમત રમવા માટે નીચેનામાંથી શાનો ઉપયોગ નહિ કરો?

(A) રૂમાલ
(B) ખુરશી
(C) પંખો
(D) દડો

229. ગુલામ, એક્કો, રાજા અને રાણી શબ્દો કઇ રમતમાં સાંભળવા મળે?

(A) ચેસ
(C) સાપસીડી
(B) કેરમ
<u>(D) ગંજીપો</u>

230. ક્રિકેટ રમતમાં એક ટીમમાં એવજી (વધારાના) ખેલાડી સાથે કુલ કેટલા ખેલાડી હોય છે?

<u>(A) 14</u>
(C) 12
(B) 11
(D) 13

231. બેસીને રમી શકાય એવી રમતનું જૂથ કયું છે?

(A) લખોટી-ક્રિકેટ
<u>(C) કેરમ-સાપસીડી</u>
(B) ખોખો-લંગડી
(D) ચેસ-કબડ્ડી

232. રમત રમવા સિવાય મનોરંજન માટે બીજું શું કરી શકાય?

(A) ટીવી જોવું
(C) ચોપડી વાંચવી
(B) નૃત્ય કરવું
<u>(D) આપેલા તમામ</u>

233. નીચેનામાંથી કઈ રમતમાં 'ગૉલ' શબ્દ સાંભળવા નહિ મળે?

(A) ફૂટબોલ
(C) હૉકી
<u>(B) કબડ્ડી</u>
(D) બાસ્કેટ બોલ

234. લજ્જા ગૌસ્વામી કઈ રમત સાથે સંકળાયેલ ખેલાડી છે?

(A) ક્રિકેટ
(C) ચેસ
(B) કુસ્તી
<u>(D) રાઈફલ શૂટીંગ</u>

235. નીચેનામાંથી કઈ દેશી રમત નથી?

(A) સાતોડિયું
<u>(C) ક્રિકેટ</u>
(B) ગિલ્લી દંડો
(D) લખોટી

236. નીચેનામાંથી કઈ રમતનો નિર્ણય અંતર માપીને કરી શકાશે?

(A) ગોળાફેંક
(C) ચક્રફેંક
(B) લાંબીકૂદ
<u>(D) આપેલા તમામ</u>

237. જેનીલ વ્યક્તિગત રમતમાં ભાગ લેવા ગયો છે તો તે રમત કઈ હશે?

(A) વૉલીબોલ
(B) ઊંચીકૂદ
(C) લંગડી
(D) ખો-ખો

238. નીચેનામાંથી શું સાચું છે?

(A) ગંજીપાની રમતમાં બાવન પત્તા હોય છે.
(B) કબડ્ડી રમતમાં રમનાર ખેલાડીની સંખ્યા 12 હોય છે.
(C) ફૂટબૉલ રમવા દડાની સાથે બેટની જરૂર પડે છે.
(D) ચેસની રમતમાં રાણી, ગુલામ, રાજા હોય છે.

239. નીચેનામાંથી કઈ રમતમાં સંગીતનો ઉપયોગ કરશો?

(A) સંગીતખુરશી
(B) ઝેરી દડો
(C) સંતાકૂકડી
(D) (A) અને (B) બંને

240. પક્ષીને પાણી પીવા માટે શું મુકવામાં આવે છે?

(A) કુંડુ
(B) ગ્લાસ
(C) પાણી પરબ
(D) પંખી પરબ

241. નીચેનામાંથી કયું પ્રાણી ભારવાહક તરીકે ઉપયોગી છે?

(A) ઘેટું
(B) ગધેડું
(C) ગાય
(D) કૂતરું

242. નીચે પૈકી કઈ જોડી સાચી નથી?

(A) મરઘી-ઈંડા
(B) ગાય-દૂધ
(C) મધમાખી-મધ
(D) કૂતરું-ઊન

243. ઘરમાં ફરતા કબૂતરને ઈજા થાય તો તમે શું કરશો?

(A) કબૂતરને ઉઠાવીને બહાર મુકી દઇશ
(B) કબૂતરને દાણા ખવડાવીશ
(C) કબૂતરને તેના માળામાં છોડી દઇશ
(D) કબૂતરના શરીર પર પાણી છાંટીશ

244. ખેતી કામમાં ઉપયોગી પ્રાણી કયું છે?

(A) ગાય
(B) બળદ
(C) ઊંટ
(D) હાથી

245. નીચેનામાંથી કઈ વસ્તુ સીધે સીધી પ્રાણી દ્વારા મળતી નથી?

(A) દૂધ
(B) મધ
(C) ઊન
(D) ઘી

246. યોગ્ય જોડી પસંદ કરો.

(A) હરણ-ઘાસ
(B) ઊંટ-આંકડો
(C) કૂતરું-ઘાસ
(D) સાપ-મધ

247. યોગ્ય જોડી પસંદ કરો.

(A) સાપ-જીવજંતુ
(B) મધમાખી-દૂધ
(C) સસલું-ઊંદર
(D) હરણ-માંસ

248. "હું ઘરમાં રહું છું અને ઊંદરને ખાઉં છું."

(A) કૂતરું
(B) સસલું
(C) બિલાડી
(D) બકરી

249. દૂધ ન આપતું પ્રાણી ઓળખો.

(A) ગાય
(B) બળદ
(C) બકરી
(D) ભેંસ

250. "માણસ મને પાળે છે અને હું ઈંડા આપું છું."

(A) બિલાડી
(B) મરઘી
(C) કુતરું
(D) બકરી

251. ગરોળીનો ખોરાક શું છે?

(A) દૂધ
(B) મધ
(C) જંતુઓ
(D) દાણા

252. નીચેનામાંથી કોણ મધ તૈયાર કરવા માટે મહેનત કરે છે?

(A) કરોળિયો
(B) <u>મધમાખી</u>
(C) ગરોળી
(D) વંદો

253. કયાં પ્રાણી વનસ્પતિ ખાતા નથી?

(A) શાકાહારી
(B) <u>માંસાહારી</u>
(C) ઘર આંગણાના
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહિ

254. રણપ્રદેશમાં ઉપયોગી પ્રાણી કયું છે?

(A) ગાય
(B) ભેંસ
(C) <u>ઊંટ</u>
(D) હાથી

255. આપેલાં વિકલ્પમાંથી કોણ તમારા કુંટુંબનું સભ્ય નહિ ગણાય?

(A) દાદા
(B) કાકા
(C) <u>મામા</u>
(D) ભાઇ

256. સંયુક્ત કુટુંબમાં રહેવાથી બાળકોમાં કયા ગુણોનો વિકાસ થાય?

(A) ઈર્ષા
(B) નેતૃત્વ
(C) <u>સમૂહભાવના</u>
(D) એકલતા

257. સંયુક્ત કુટુંબ માટે નીચેના પૈકી શું સાચું નથી?

(A) વડીલો દ્વારા બાળકોનું ઘડતર થાય છે.
(B) કુટુંબના સભ્યોમાં સમૂહભાવના વિકસે છે.
(C) કુટુંબના બધા જ સભ્યોનું ભોજન એક રસોડે બને છે.
(D) <u>વડીલોનું સન્માન જળવાતું નથી.</u>

258. કુટુંબમાં વડીલોએ બાળકો સમક્ષ શું ના કરવું જોઇએ?

(A) <u>કેફી પદાર્થોનું સેવન</u>
(B) પુસ્તકોનું વાચન
(C) સમૂહમાં ભોજન
(D) ધાર્મિક પૂજાપાઠ

259. કેતનના પિતા અને કાકા પોતાના કુટુંબના સભ્યોથી અલગ બીજા શહેરમાં શા માટે રહેતા હશે?

(A) મોજશોખ માટે
(B) તેમને એકલા રહેવું ગમે
(C) <u>નોકરી-ધંધા માટે</u>
(D) ઘરમાં બધાની સારસંભાળ ન રાખવી પડે

260. વિભક્ત કુટુંબ (નાનું કુટુંબ)ના સભ્યોમાં નીચેનામાંથી કોણ હોઈ શકે નહીં?

(A) કાકા (C) પપ્પા

(B) મમ્મી (D) ભાઇ

261. આપણી કઇ દૈનિક ક્રિયામાં પાણી વધુ વપરાશે?

(A) હાથ ધોવામાં (C) મોઢું ધોવામાં

(B) પગ ધોવામાં (D) સ્નાન કરવામાં

262. કપડાં ધોયેલું પાણી બીજા કયા ઉપયોગમાં લેશો?

(A) શૌચાલય માટે (C) પીવા માટે

(B) સ્નાન કરવા માટે (D) રસોઈ માટે

263. R.O. પ્લાન્ટ(પાણી શુદ્ધિકરણ મશીન)માંથી નીકળતું વધારાનું પાણી કયાં ઉપયોગમાં લઈ શકાય?

(A) પીવા માટે (C) રસોઇ માટે

(B) શરબત બનાવવા માટે (D) બગીચો પાવા માટે

264. 'પાણી બચાવો' સૂત્ર માટે કયું કાર્ય યોગ્ય નથી?

(A) પાણીનો નળ બંધ કરવો. (C) તળાવ બાંધવા

(B) વરસાદી પાણીનો સંગ્રહ કરવો. (D) પાણીની ડોલ ઊભરાવા દેવી

265. કયું વાસણ (પાત્ર) પાણી ભરવા ઉપયોગી નહિ થાય?

(A) લોટો (C) ગ્લાસ


(B) ઘડો (D) તાવેતો

266. હોસ્પિટલ માટે કઈ નિશાનીનો ઉપયોગ કરવામાં આવે છે.

(A) × (C) △

(B) + (D) ◎

ચિત્રના આધારે પ્રશ્નોના સાચા વિકલ્પ આપો. (પ્રશ્ન ક્રમાંક 267 થી 270)




267. કેતનની કઈ બાજુએ તેનું ઘર આવેલું છે?

(A) ડાબી
(B) આગળ
(C) પાછળ
(D) જમણી

268. કેતનની બરાબર પાછળની બાજુ શું આવેલું છે?

(A) મંદિર
(B) બગીચો
(C) ઘર
(D) શાળા

269. હોસ્પિટલ કેતનની કઈ બાજુ છે?

(A) આગળ
(B) જમણી
(C) ડાબી
(D) પાછળ

270. કેતનની ડાબી બાજુએ શું આવેલું છે?

(A) દુકાન
(B) મંદિર
<u>(C) શાળા</u>
(D) ઘર

271. સુતરાઉ કાપડ શામાંથી બને છે?

(A) શણ
<u>(B) રૂ</u>
(C) ઊન
(D) રેશમ

272. નીચેનામાંથી 'રૂ' શેમાંથી મળશે?

(A) શણ
(B) સાલ
<u>(C) કપાસ</u>
(D) આપેલા તમામ

273. ગુજરાતના કયા વિસ્તારનું ભરતકામ દેશભરમાં પ્રખ્યાત છે?

(A) સુરત
<u>(B) કચ્છ</u>
(C) જામનગર
(D) પાટણ

274. સાડીઓ ઉપર દોરાની મદદથી સુંદર ડિઝાઇન ઉપસાવવા માટે શું કરવામાં આવે છે?

<u>(A) ભરતકામ</u>
(B) રંગકામ
(C) છાપકામ
(D) ચિત્રકામ

275. પહેરવાનાં કપડાં તથા ચાદર ઉપર વિવિધ આકારોની ભાત પાડવા માટે શું કરવામાં આવે છે?

(A) ભરતકામ
(B) રંગકામ
<u>(C) છાપકામ</u>
(D) ચિત્રકામ

276. ઓઢણી ઉપર આભલાં, ટીલડીઓ ચોંટાડવામાં આવે છે તેને શું કહેવાય?

(A) છાપકામ
<u>(B) ચીટકકામ</u>
(C) રંગકામ
(D) ગડીકામ

277. ઓઢણી કે ચોલી પર નીચેનામાંથી શું લગાડવામાં નથી આવતું?

(A) આભલાં
(B) મણકા
(C) ટીલડી
<u>(D) જરી</u>

278. સિલ્કની સાડીઓ કયા કાપડમાંથી બનાવવામાં આવે છે?

(A) સુતરાઉ (C) ઊન

<u>(B) રેશમ</u> (D) શણ

279. સ્ત્રીઓ કયાં તહેવારમાં આકર્ષક અને સુંદર ચણિયા-ચોલી પહેરે છે?

(A) ધુળેટી <u>(C) નવરાત્રી</u>

(B) ઉત્તરાયણ (D) જન્માષ્ટમી

280.

| યોગ્ય જોડ બનાવો. | | | |
|---|---|---|---|
| 1. | ગરમ કપડાં | અ. | રૂ |
| 2. | રેશમી કપડાં | બ. | શણ |
| 3. | સુતરાઉ કપડાં | ક. | રેશમનાં કીડા |
| 4. | કોથળાં | ડ. | ઊન |

(A) 1-અ, 2-બ, 3-ક, 4-ડ <u>(C) 1-ડ, 2-ક, 3-અ, 4-બ</u>

(B) 1-ક, 2-અ, 3-ડ, 4-ક (D) 1-ડ, 2-અ, 3-ક, 4-બ

281. ગરમ કપડાં કઈ ઋતુમાં પહેરવામાં આવે છે?

(A) ઉનાળો (C) ચોમાસું

<u>(B) શિયાળો</u> (D) વસંતઋતુ

282. ઉનાળામાં કેવાં કપડાં પહેરવા જોઇએ?

<u>(A) સુતરાઉ</u> (C) ઊન

(B) રેશમી (D) એકપણ નહિ

283. ઘર માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

<u>(A) તે આપણને હિંસક પ્રાણીઓથી બચાવતું નથી.</u>

(B) તે દરેક ઋતુમાં આપણું રક્ષણ કરે છે.

(C) તેમાં આપણે પરિવાર સાથે શાંતિથી રહી શકીએ છીએ.

(D) તે આપણું હિંસક પ્રાણીઓ અને જીવજંતુઓથી રક્ષણ કરે છે.

284. ખેતરના પાકને ઉંદરથી બચાવવામાં કયું પ્રાણી ખેડૂતને મદદરૂપ થાય છે?

(A) બળદ
(B) ગાય
<u>(C) સાપ</u>
(D) ભેંસ

285. આપણે ગાયને ઘાસ અને ખાણ ખાવા આપીએ છીએ તો તે આપણને શું આપે છે?

(A) માખણ
(B) છાસ
(C) માવો
<u>(D) દૂધ</u>

286. મને ઓળખો. હું છાપરું, ફર્નિચર, બળતણ અને ઘર બનાવવા માટેનો મુખ્ય સ્રોત છું?

(A) ગાય
(B) મોટર
(C) હાથી
<u>(D) વૃક્ષ</u>

287. હું ઠંડી, ગરમી અને વરસાદથી બચવામાં ઉપયોગી છું.

<u>(A) ઘર</u>
(B) દરિયો
(C) જંગલ
(D) ડુંગર

288. સૂર્ય આપણને શું આપે છે?

(A) પાણી-શાકભાજી
(B) ગરમી-ઠંડી
(C) પથ્થર-માટી
<u>(D) ગરમી-પ્રકાશ</u>

289. મને ઓળખો. વૃક્ષો, પશુઓ, જીવજંતુ અને માણસો મારા પર રહે છે.

<u>(A) પૃથ્વી</u>
(B) આકાશ
(C) દરિયો
(D) પાતાળ

290. આપણને ઓક્સિજન શેમાંથી મળે છે?

(A) ઘરમાંથી
(B) પંખામાંથી
<u>(C) વૃક્ષોમાંથી</u>
(D) તળાવમાંથી

291. માણસને જીવન જીવવા શું જરૂરી નથી?

(A) સૂર્ય
<u>(B) ઉપગ્રહ</u>
(C) હવા
(D) પાણી

292. માણસને જીવન જીવવા માટે કઈ કડી જમીનમાંથી મળતી નથી?

(A) શુદ્ધ હવા અને પ્રકાશ
(B) ઘર વપરાશ માટે માટીના અને ધાતુના વાસણો
(C) ઘર બનાવવા માટે ઈંટ, રેતી, પથ્થર
(D) ખોરાક માટે અનાજ, ફળ અને શાકભાજી

293. નીચેનામાંથી કઈ વસ્તુ આપણને પ્રાણી/વનસ્પતિઓ પાસેથી સીધે સીધી મળતી નથી?

(A) રૂ
(B) ઘી
(C) કાગળ
(D) લાખ

294. પૃથ્વી પરનાં બધા જ સજીવો કોના ઉપર નિર્ભર છે?

(A) પ્રાણી
(B) સૂર્યપ્રકાશ
(C) વનસ્પતિ
(D) જમીન

295. નીચેનામાંથી કયાં પ્રાણીઓ ખેડૂતના મિત્રો છે?

(A) કાબર-હોલા
(B) ખિસકોલી-કાચબો
(C) ઉંદર-રોઝ
(D) સાપ-અળસિયું

296. માણસને જીવન જીવવા માટે નીચે પૈકી કઈ કડી સાચી નથી?

(A) ઘેટું-ઊન-ગરમ કપડાં
(B) કપાસ-શણ-સુતરાઉ કપડાં
(C) જમીન-માટી-ઈંટ-ઘર
(D) ગાય-દૂધ-દહીં-ઘી

297. આપણને ગરમી અને પ્રકાશ કોણ આપે છે?

(A) જમીન
(B) ઉપગ્રહો
(C) સૂર્ય
(D) ચંદ્ર

298. કેટલાંક ગામડાના સમૂહને વહીવટી રીતે એક કરવામાં આવે તેને શું કહેવાય?

(A) તાલુકો
(B) જિલ્લો
(C) મહાલ
(D) ગ્રામજૂથ

299. વડગામ, પાલનપુર, ડીસા અને અમીરગઢ બનાસકાંઠા જિલ્લાના તાલુકાના નામ છે. વડગામ તાલુકાની સરહદ પાલનપુર તાલુકાને સ્પર્શે છે. પાલનપુર તાલુકાની સરહદ ડીસા અને અમીરગઢ તાલુકાને સ્પર્શે છે. તો વડગામ તાલુકાનો પાડોશી તાલુકો કયો ગણાશે?

(A) ડીસા

(B) અમીરગઢ

<u>(C) પાલનપુર</u>

(D) આમાંથી એક પણ નહિ

300. કેટલાક તાલુકાના સમૂહને વહીવટી રીતે એક કરવામાં આવે તેને શું કહેવાય?

<u>(A) જિલ્લો</u>

(B) મહાલ

(C) ગ્રામજૂથ

(D) રાજ્ય